લીયોજીન પ્રોજેક્ટનું અમલીકરણ ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન હેઠળ કરવા બાબત.

"વાઇલ્ડલાઇફ જિનોમિક્સ રિસર્ચ પ્રોજેક્ટ"

(Wildlife Genomics Research Project)

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ વપસ/૧૧૧૪/એસ.એફ.-૧૪/ડબલ્યુ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ /૦૫/૨૦૧૫

11 MAY 2015

વંચાણે લીધાઃ-

(૧) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ડબલ્યુએલપી-૧૦૨૦૦૯-એસ.એફ.૫૨-ડબલ્યુ, તા. ૧૯/૧૨/૨૦૦૯.

(૨) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ વપસ-૧૦૧૨-એસ.એફ.૪-ડબલ્યુ, તા. ૧૫/03/૨૦૧૨.

(3) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ WLP-1012-SF.27-W, તા. ૦૧/૦૫/૨૦૧૩.

(૪) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ વપસ/૧૧૧૨/૨૦૧૦/ડબલ્યુ, તા. ૧૭/૦૫/૨૦૧૩.

(૫) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ વપસ/૨૪.૧/અ/૧૮૭૫/૨૦૧૪-૧૫, તા. ૦૫/૦૨/૨૦૧૫.

## આમુખ:

વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૫-૦૫-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ TSF-102007-660-G1 થી રચવામાં આવેલ "Task Force on the use of modern technology for the conservation of wildlife sanctuary" ની ભલામણ અન્વયે ઉપર વંચાણે લીધેલ-(૧) માં દર્શાવેલ વિભાગના તા. ૧૯/૧૨/૨૦૦૯ ના ઠરાવથી લીયોજીન પ્રોજેક્ટ માટે 'ગુજરાત વાઈલ્ડ લાઈફ જીનોમિક્સ એન્ડ ડી.એન.એ. બેન્કિંગ ફેસિલિટિઝ (ઇન્સ્ટીટ્યૂટ ઓફ વાઈલ્ડ લાઇફ જીનોમિક્સ)' ની સ્થાપના કરવાની મંજૂરી આપવામાં આવેલ. જેના અનુસંધાને ઉપર વંચાણે લીધેલ-(૨) માં દર્શાવેલ વિભાગના તા. ૧૫/3/૨૦૧૨ ના ઠરાવથી સદરહુ 'ઇન્સ્ટીટ્યૂટ ઓફ વાઈલ્ડ લાઇફ જીનોમિક્સ' ના સંચાલન માટેની કામગીરી "સાયન્સ એન્ડ ટેકનોલોજી" વિભાગ હેઠળના "ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન" (GSBTM) ને સોંપવામાં આવેલ.

૨. ઉપર વંચાણે લીધેલ-(3) માં દર્શાવેલ વિભાગના તા. ૦૧/૦૫/૨૦૧૩ ના ઠરાવથી સદરહુ ઇન્સ્ટીટ્યૂટની કામગીરીના અમલીકરણ માટે ૪ સમિતિઓની રચના કરવામાં આવેલ. ઉપર વંચાણે

લીધેલ-(૪) માં દર્શાવેલ વિભાગના તા. ૧૭/૦૫/૨૦૧૩ ના ઠરાવથી ઉક્ત લીયોજીન પ્રોજેક્ટ માટે સને ૨૦૧૩-૧૪ ના વર્ષના અંદાજપત્રમાં વિભાગ-૧ નવી બાબતે રૂ. ૧૭૫.૦૦ લાખની જોગવાઈ 'ગ્રાન્ટ ઇન એડ ટુ ગુજરાત બાયોટેકનોલોજી મિશન ફોર રિસર્ચ ઓફ વાઇલ્ડ જિનોમિક્સ એન્ડ ડી.એન.એ. બેન્કિંગ' નામથી કરવામાં આવેલ. હવે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી) એ તેમના ઉપર વંચાણે લીધેલ-(૫) માં દર્શાવેલ તા. ૫/૨/૨૦૧૫ ના પત્રથી સદરહુ લીયોજીન પ્રોજેક્ટ કે જેનું અમલીકરણ હાલમાં "સાયન્સ એન્ડ ટેકનોલોજી" વિભાગ હેઠળના "ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન" અંતર્ગત થઈ રહેલ છે, તેના બદલે તેનું અમલીકરણ વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત તા. ૦૬/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: FRF-102008-1624-M થી સ્થાપિત 'ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન' હેઠળ કરવા અંગેની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે, જે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## -: ઠ રા વ :-

૩. આ અંગે પુખ્ત વિચારણાને અંતે સદરહુ 'લીયોજીન પ્રોજેક્ટ' નું અમલીકરણ "ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન" (GSBTM) ને બદલે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપિત 'ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન' હેઠળ કરવા આથી મંજૂરી આપવામાં આવે છે. જેને અનુસંધાને સદરહુ યોજનાના અમલીકરણમાં નીચે દર્શાવ્યા મુજબના ફેરફાર કરવામાં આવે છે.

(૧) ઉપર વંચાણે લીધેલ-(૧) તથા (૨) માં દર્શાવેલ વિભાગના તા. ૧૯/૧૨/૨૦૦૯ તેમજ તા. ૧૫/૦૩/૨૦૧૨ ના ઠરાવથી 'ગુજરાત વાઈલ્ડ લાઈફ જીનોમિક્સ એન્ડ ડી.એન.એ. બેંન્કિંગ ફેસિલિટિઝ' ની સ્થાપના કરવાના તથા 'ઇન્સ્ટીટ્યૂટ ઓફ વાઈલ્ડ લાઇફ જીનોમિક્સ' ના સંચાલનની કામગીરી ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન" GSBTM ને સોંપવા અંગેના ઠરાવ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. આમ, સદરહુ યોજનાના અમલીકરણની સઘળી કામગીરી વન વિભાગ હેઠળના 'ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન' એ કરવાની રહેશે.

(૨) ઉપર વંચાણે લીધેલ-(૩) માં દર્શાવેલ વિભાગના તા. ૧/૫/૨૦૧૩ ના ઠરાવથી રચવામાં આવેલ ૪ સમિતિઓ રદ કરવામાં આવે છે. તેમજ સદરહુ યોજનાની કામગીરી માટે 'ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન' ના અમલીકરણ હેઠળ સદરહુ સમિતિઓની પુનઃ રચના કરવાની રહે છે.

(૩) સદરહુ યોજનાનું નામ "ગ્રાન્ટ ઇન એડ ટુ ગુજરાત બાયોટેકનોલોજી મિશન ફોર રિસર્ચ ઓફ વાઇલ્ડ જિનોમિક્સ એન્ડ ડી.એન.એ. બેન્કિંગ" બદલીને "વાઇલ્ડલાઇફ જિનોમિક્સ રિસર્ચ પ્રોજેક્ટ" રાખવામાં આવે છે. જેને અનુસંધાને બજેટ જોગવાઈમાં પણ તે મુજબનો નામમાં સુધારો કરવાનો રહે છે.

(૪) સદરહુ યોજના માટે ફાળવવામાં આવતી બજેટ ગ્રાન્ટની રકમ પણ "ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન" (GSBTM) ના બદલે સીધી વન વિભાગને ફાળવવાની રહેશે. જે અંગેના વિગતવાર હુકમો કરવાના રહેશે.

(૫) સદરહુ યોજના માટેના પ્રોજેક્ટ ડાયરેક્ટરની જગ્યા પર ભારતીય વન સેવાના અધિકારીની નિમણૂક પ્રતિનિયુક્તિના ધોરણે કરવાની રહેશે. જેમણે અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (સંશોધન), ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન (GFRF) ના વહિવટી અને નાણાકિય નિયંત્રણ હેઠળ કાર્ય કરવાનું રહેશે.

(૬) જ્યાં સુધી સદરહુ પ્રોજેક્ટનું અમલીકરણ ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન (GFRF) હેઠળ સંપૂર્ણ રીતે કાર્યરત ન થાય ત્યાં સુધી સદરહુ પ્રોજેક્ટની કામગીરી 'ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન' (GSBTM) હેઠળ ચાલુ રહેશે.

૪. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા. ૨૦/૦૨/૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. જી. સાગર)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (વન) ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (વન) ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ( વન્ય પ્રાણી ), ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મિશન ડાયરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, ઉદ્યોગભવન, ગાંધીનગર
- ડાયરેક્ટરશ્રી, લીયોજીન પ્રોજેક્ટ, અરણ્ય ભવન, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગની ડ, ડ-૨ તથા બજેટ શાખા.
- સીલેકટ ફાઇલ ( બ્રાન્ચ કલેકશન / સંબંધિત નાયબ સેકશન અધિકારી )
- સીસ્ટમ મેનેજર - વન અને પર્યાવરણ વિભાગ - IWDMS પર મૂકવા માટે.